# લવારપુર ખાતે એસ.એમ.સી.ની બ્લોક કક્ષાની તાલીમ યોજાઈ

ચિલોડા, તા. ૨

તાલુકાના લવારપુર પ્રાથમિક શાળા ખાતે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) તથા શિક્ષિતવિદની બ્લોક કક્ષાની તાલીમ વર્ગ બે દિવસ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

યોજાઈ હતી. આ તાલીમ વર્ગમાં એસ.એમ.સી.ના સભ્યોને સી.આર.સી., બી.આર. સી. તજજ્ઞો દ્વારા પ્રાથમિક શિક્ષણ અંગેના રાઈટ એજ્યુકેશન અને રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખુ, શાળા વ્યવસ્થાપન સમિતિની રચના, સમિતિના કાર્યો, ફરજો, જવાબદારીઓ, શાળા વિકાસ યોજના, દસ્તાવેજી ચિત્ર, સર્વ શિક્ષા અભિયાનના ઘટકો, એસ.એમ. સી.ને આપવામાં આવતી ગ્રાન્ટ સ્વચ્છ ભારત અભિયાન વિશે એસએમસીની ભુમિકા, બેટી બાચાવો બેટી પઢાવો, શાળામાં કોમ્પ્યુટર શિક્ષણ, બાળકોનું નામાંકન, પ્રવેશોત્સવ, ગુણોત્સવ, શાળામાં અચાનક કુદરતી-માનવસર્જિત આફતો સામે રક્ષણ, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા, શાળાના શિક્ષકોના કાર્યો અને ફરજો, મધ્યાહન ભોજન યોજના, પ્રજ્ઞા અભિગમ, બાળકોના અધિકારો વગેરે અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન રૂપે સમજણ પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં ૬૬ પ્રાથમિક શાળાના શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષો તથા શિક્ષણવિદો હાજર રહી શિક્ષણ અંગે ચર્ચા વિમર્શ કરી વિસ્તૃત માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે ઓ.આઈ.સી. કો. ઓર્ડિનેટર (સ્પેશ્યલ ટ્રેનિંગ પ્રોગ્રામ) સંગીતાબેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં ગાંધીનગર પૂર્વ વિસ્તારની શાળાના એસએમસી અધ્યક્ષો તથા શિક્ષણવિદોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# પરબડામાં પ્લોટ વેચાણ આપવાના બહાને રૂ. ૩.૭૦ લાખની છેતરપિંડી

હિંમતનગર, તા.૨

હિંમતનગર પાસેના પરબડાની સીમમાં એક વર્ષ અગાઉ ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના એક શખ્સને એક જ સર્વે નંબરમાં આવેલા બે પ્લોટ વેચાણ આપવાના બહાને રૂા.૩.૭૦લાખ લઈ છેતરપિંડી કરતા હિંમતનગરના ત્રણ શખ્સો વિરૂધ્ધ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં શનિવારે ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના સવગઢમાં રહેતા મહંમદઆરીફ મહંમદઅનીફ શેખ, અબ્દુલમજીદ અબ્દુલસતાર મેમણ અને ઈડર તાલુકાના મુડેટી ગામના કિરીટસિંહ મોતીસિંહ ચૌહાણે ભેગા મળી ગત તા.૫/૪/૧૪ના રોજ ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના મિતેષભાઈ હસમુખભાઈ મોદીને સવગઢમાં આવેલ સર્વે નં.૨૩૦ માં ૩૨૪૦.૩૦ અને ૧૬૧૧ ફૂટનો પ્લોટ વેચાણ આપવાનું નક્કી કર્યુ હતું. જેમાં પ્લોટ વેચનાર ત્રણેય શખ્સોએ પ્લોટ તેમના ન હોવા છતાં માલિક હોવાનું બતાવી રૂા.૩.૭૦લાખ લઈ લીધા હતા. જે અંગે મિતેષભાઈ મોદીએ અવારનવાર ઉઘરાણી કરવા છતાં તેમને સંતોષકારક જવાબ આપવામાં આવતો ન હતો. જેથી કંટાળીને મિતેષભાઈ મોદીએ ત્રણેય જણા વિરૂધ્ધ શનિવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યના લેઉઆ પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક ઉમેદવારોની વેવિશાળ ડીરેક્ટરી તૈયાર કરાશે

ગુજરાત રાજ્યમાં વસતા તમામ લેઉવા પટેલ જ્ઞાતિમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી જેવી કે નામ, સરનામુ, ફોટોગ્રાફ, ફોન નંબર, ઉંચાઈ, વજન, મોસાળ પક્ષ તેમજ વ્યવસાયની વિગત સાથેની માહિતીસભર વેવિશાળ ડિરેક્ટરનું આયોજન પટેલ સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવનાર છે. સમાજના સભ્યોને ઘર બેઠા બધી જ વિગત મળી રહે તેમજ મનપસંદ પાત્રો મળી રહે માંગલિક પ્રસંગ સહેલાઈથી ઉકેલી શકાશે. યોગ્ય પાત્ર વચ્ચે લગ્ન સંબંધ જોડવામાં સહાય જરૂર થશે. ડિરેક્ટરીમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી-મેરેજ તેમજ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો ભાગ લઈ શકશે. આ માહિતી ડિરેક્ટરીમાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતી પોતાનો બાયોડેટા તાજેતરનો કલર ફોટો, જન્મ તથા અભ્યાસના આધાર સાથે તા. ૧૦ ઓગષ્ટ સુધીમાં સવારે ૯.૩૦ થી સાંજના ૬.૩૦ સુધીમાં પટેલ સમાજના કાર્યાલય આસ્થા ક્લિનિક વિશ્વકર્મા સોસાયટી, જોધપુર ચાર રસ્તા, પેટ્રોલ પંપની સામે, અમદાવાદ ખાતે રૂબરૂ નોંધાવી જવા યાદીમાં જણાવાયું છે.

# હિંમતનગરમાં જીલ્લા કક્ષાના ૬૬મા વન મહોત્સવનો પ્રારંભ



સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને રાજ્યના ગૃહરાજ્યમંત્રી રજની પટેલે વૃક્ષારોપણ કરી પ્રારંભ કરાવ્યો

હિંમતનગર, તા.૨

રાજય કક્ષાનો ૬૬મા વન મહોત્સવનો પ્રારંભ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે નવસારી જિલ્લાના વાસંદા ખાતેથી કરાવ્યાનું જણાવી સાબરકાંઠા જિલ્લા કક્ષાનો ૬૬મા વન મહોત્સવનો રવિવારે હિમતનગરમા નવીન જીલ્લા પંચાયત ખાતેથી પ્રારંભ કરાવતા ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલે રાજય સરકારના ગાંધીનગર ખાતે યોજાતાં કાર્યક્રમોને જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઉજવાતાં કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેક પ્રસરી હોવાનું જણાવ્યુ હતું.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિએ જણાવ્યુ હતુ કે સમગ્ર દેશમાં હાલ જે પરીસ્થિતિ ઉદભવી રહી છે તેની સામે વૃક્ષોનુ સંરક્ષણ અને સંવર્ધન કરવુ અગત્યનુ બની રહ્યુ છે.

શાબ્દિક સ્વાગત નાયબ વન સંરક્ષક જે.એચ.રાઠોડે જણાવ્યું હતું કે, આજે જિલ્લામાં આજે શહેર તથા ગામડાઓ મળી એક સાથે ૨૦ હજારથી વધુ રોપાઓનુ વાવેતર કરવામાં આવશે.

કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ,જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, જિલ્લા અગ્રણી પૃથ્વીરાજ પટેલ, હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહાર, સહિત વન વિભાગના અધિકારીઓ, શહેરીજનો તથા શાળાના વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રાંતિજના કેશરપુરા ગામની હાલત આઝાદી પછી પણ અત્યંત કફોડી

## છેલ્લા ૨૦ વર્ષથી નગરપાલિકામાં સમાવેશ કરવા છતાં સ્થિતિ જેસે થે ની... : પાલિકામાં કરોડો રુપિયાની ગ્રાન્ટો આવે છે છતાં આ ગ્રામજનોમાં એક પણ રૂપિયાનો ખર્ચ થયો નથી



(તસવીર : સંજય રાવલ)

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગરપાલિકા સંચાલિત વોર્ડ નં. ૧માં આવેલ નવા કેશરપુરા ગામની સ્થિતિ આઝાદી પછી પણ જેમના તેમ છે અને છેલ્લા વીસ વર્ષથી તો તેનો સમાવેશ તલોદ નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નં. ૧માં સમાવેશ કરવામાં આવ્યો છે છતાં તંત્ર દ્વારા પણ આ ગામને ઓરમાયું વર્તન થતું હોય તેવું લાગી રહ્યું છે.

તલોદ તાલુકાનું નવા કેશરપુરા (જાળીયા) તરીકે ઓળખાતું આ ગામ આઝાદી પછી પણ સુવિધાના નામે મીડું છે અને છેલ્લા વીસ વરસથી તલોદ નગરપાલિકામાં સમાવેશ થયેલ કેશરપુરામાં આજે પણ વિકાસ થયો નથી અને સરકારી તથા પ્રાથમિક સુવિધાઓ કે સેવાઓથી આ ગામ આજે પણ વંચિત છે. જ્યારે ૬૦થી પણ વધારે પાકા મકાનો ધરાવતું આ ગામમાં ૪૫૦થી પણ વધારે વસતી ધરાવે છે અને આજે પણ આ ગામમાં ૨૪ કલાક વિજળી કે પીવાના પાણીની કોઈપણ જાતની વ્યવસ્થા નથી. એકપણ આંગણવાડી, પ્રાથમિક શાળા કે સ્કૂલ, દવાખાનું કે ગામમાં જવાનો પાકો રસ્તો, સ્ટ્રીટલાઈટની સુવિધા નથી. જ્યારે હાલ માત્ર ખેતરોમાં અપાતી આઠ કલાકની વિજળી ઉપર આખુંય ગામ નિર્ભિત છે. જ્યારે પાણીની સુવિધા ના હોવાથી આજે પણ યંત્ર યુગમાં ગામની મહિલાઓ તથા નાના બાળકો દૂર દૂરથી પાણી ભરીને લાવે છે ત્યારે આંગણવાડી કે પ્રાથમિક શાળા ન હોવાથી ૬૦થી પણ વધારે બાળકો ચાર કિલોમીટર દૂર આવેલ ગામની શાળામાં અભ્યાસ અર્થે જાય છે.

જ્યારે તલોદ નગરપાલિકામાં સમાવેશ થયાંને વીસ વર્ષ વિતી ગયા છતાં આ ગામનો વિકાસ થયો નથી અને માત્ર તલોદ નગરપાલિકા દ્વારા દર વર્ષે ૪૫૦થી મિલકત વેરો, પાણી વેરો, સાફ-સફાઈ વેરો, ખાસ સફાઈ ઉપકર જેવા વેરા લેવામાં આવે છે છતાં આ ગામ સાથે વર્ષોથી અન્યાય થયો હોય તેવું હાલ તો લાગી રહ્યું છે. ત્યારે રાજકારણીયાઓના રાજકીય વચનો વર્ષોના વાયદા અને ચૂંટણી ટાણે આપેલાં વચનો આઝીદીથી આજ સુધી વિસારાયા છે ત્યારે આ ગામના લોકો મોડલ ગુજરાત મોડલ ગામની વાતો સરકારોની વાતો અને વચનો ખોખલા અને પોલમપોલ લાગ્યા છે એવું ખુદ ગ્રામજનો જણાવી રહ્યા છે અને નગરપાલિકા વિસ્તારમાં સમાવેશ કર્યા પછી પણ જો પ્રાથમિક કે સરકારી સુવિધાઓ ન મળતાં છેવટે નવા કેશરપુરા ગામના લોકો ગાંધી ચિંધ્યા માર્ગે જવાનું વિચારી રહ્યા છે. જ્યારે હાલ ભાજપ - કોંગ્રેસના રાજકારણમાં ભોળી પ્રજા છેલ્લા કેટલાય વર્ષોથી સુવિધાઓથી વંચિત છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ ગામને સરકારી કે પ્રાથમિક સુવિધાઓ મળશે કે કેમ ?



# પાલનપુર સિવિલના કથળેલા વહીવટને પગલે ગંભીર રોગચાળાની દહેશત



## કાદવ - કીચડ અને ગંદકીને કારણે દર્દીઓ ત્રાહીમામ : જાહેરમાં મેડીકલ વેસ્ટનો નિકાલ થતો હોવાની રાવ

પાલનપુર, તા. ૨

પાલનપુર સિવિલ હોસ્પિટલના રેઢીયાળ વહીવટને પગલે સિવિલમાં સારવાર લેવા આવતા દર્દીઓ સહિત તેઓના સ્વજનોના જાહેર આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો હોવાની રાવ ઉઠી છે. મેઘરાજાના આક્રમક તેવરને પગલે સિવિલ હોસ્પિટલમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેનો સંપૂર્ણપણે નિકાલ કરવામાં સિવિલના સત્તાવાળાઓ નિષ્ફળ રહેતા ઠેર - ઠેર ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા દર્દીઓ ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા છે.

તાજેતરમાં મેઘરાજાએ ધમાકેદાર આગમન કરી દાખવેલા આક્રમ તેવરને પગલે પાલનપુર સિવિલ હોસ્પિટલ પણ બેટમાં ફેરવાઈ હોય તેવો નજારો જોવા મળ્યો હતો. જોકે, મેઘરાજાએ વિરામ લેતા જિલ્લાભરમાં રાહત અને બચાવની કામગીરીમાં વેગ જોવા મળી રહ્યો છે. ત્યારે પાલનપુર સિવિલના રેઢીયાળ તંત્રના કારણે હજી સુધી સિવિલમાંથી વરસાદી પાણીનો સંપૂર્ણપણે નિકાલ થઈ શક્યો નથી. અરે, સિવિલની લેબોરેટરી સામે પાંચેક દિવસ પહેલા ધરાશાયી થયેલ વૃક્ષને દૂર કરવાનો પણ ટાઈમ સિવિલના સત્તાધીશો પાસે નથી. ધરાશાયી થયેલા વૃક્ષ અને કાદવ સાથે ભરાયેલા પાણીને પગલે લોકોને લેબમાં જતા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.



વરસાદ બંધ થતાં જ શહેરમાં સફાઈ કામગીરીને વેગીલી બનાવવામાં આવી છે. ઠેર ઠેર પડી ગયેલા વૃક્ષોને હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થયા હોવાથી કામગીરી થોડીક ધીમી ચાલી રહી છે. (તસવીર : દિપક જાની)

# તલોદ અપહરણ કેસના પકડાયેલા ત્રણ શખ્શો ચોરીમાં સંડોવાયેલા હતા

હિંમતનગર, તા.૨

તલોદના એક સોની યુવાનનું થોડા સમય અગાઉ અપહરણ કરાયા બાદ પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મનાતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની પુછપરછ કરાતા આ શખ્સો પ્રાંતિજના એક વેપારીને લૂંટી લીધો હોવાની કબુલાત કરતા પોલીસે તેમને ટ્રાન્સફર વોરંટથી પ્રાંતિજ લાવી આગળની તપાસ હાથ ધરી છે.

તલોદ અપહરણ કેસમાં સંડોવાયેલા મનાતા અભય કેવલસિંહ રાજપુત, અલ્પેશ પ્રતાપભાઈ ઠાકોર અને ગભુભાઈ ભાવસંગભાઈ મકવાણાને પોલીસે ઝડપી લીધા બાદ તેમની પુછપરછ કરવામાં આવી હતી.

## સાદગીથી ઉજવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાસ્ત્રી તેમજ શહેર વસાહત મહામંડળના પ્રમુખ જી ઈ બી ના ચીફ એન્જીનિયર આઈ એમ પટેલ સહિતના આગેવાનોએ દિપ પ્રાગ્ટય કર્યુહતુ. પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. જયારે આ તબક્કે અબ્દુલ કલામજીને બે મિનિટનુ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરના વિકાસની શુભકામનાઓ વ્યકત કરી શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે નગરના ઘણાંપ્રશ્નો ઉકેલાયા છે. જયારે ઘણી સમસ્યાઓ નિરાકરણની રાહે છે. નગરનો વિકાસ ચોકકસ થયો છે. પરંતુ વિકાસની સાપેક્ષમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. ગાંધીનગરમાં પણ ઝડપથી મેટ્રો રેલ સુવિધાનો લાભ મળે તે માટે નગરજનો કાગડોળે રાહ જોઈ રહયા છે. જયારે કેપિટલ સ્ટેશન પણ ધમધમતુ થાય તેની પણ સૌને ઈન્તેજારી છે. ગાંધીનગરથી કલોલ વચ્ચે ઈલેકટ્રીફીકેશનની કામગીરી ચાલી રહી છે. આવનારા દિવસોમાં નગરને નવી ટ્રેઈનો મળશે તેવી ઉજ્જવળ આશા બંધાઈ છે. નગર એજયુકેશન હબ બની ગયુ છે.ત્યારે અહીં અંદાજિત ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. બહારથી આવતા વિદ્યાર્થીઓ હાલ સેકટરોના રહેણાંકમાં રહેવાનો વારો આવ્યો છે. યોગ્ય વ્યવસ્થા થાય તે જરૂરી બન્યુછે. આ પ્રસંગે મહામંડળના સુધીર દેસાઈ સી પી સોની મયુર વ્યાસ બી. એ. શુક્લ, દિનેશસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા ઉપસ્થિત રહયા હતા.

## મહારેલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી થશે અને ત્યારબાદ અગ્રણીઓ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવશે. મહારેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર રેન્જમાંથી પોલીસ બોલાવીને બંદોબસ્ત માટે તૈનાત કરી દેવાયો છે. રેલીના રૂટનું આઈજીપી હસમુખ પટેલ અને એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે નિરીક્ષણ કરી બંદોબસ્તમાં તૈનાત રહેનાર પોલીસને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તે ઉપરાંત બંદોબસ્તનું રીહર્સલ પણ આજે કરવામાં આવ્યું છે. પાટીદાર રેલી ઉપર સીધી વૉચ સરકારની છે અને તે માટે ઈન્ટલીજન્સ બ્યુરોની ટીમો પણ ગોઠવાઈ ગઈ છે. વિસનગરની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ ખાસ ધ્યાન રાખી રહી છે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**ગુજરાતમાં આજે પણ બાળલગ્ન થાય છે ...**

બાળ વિવાહ સામે ભારત અને ગુજરાત સરકારના મજબૂત કાયદા છે છતાં વસતિ ગણતરીના બહાર આવેલા આંકડા પ્રમાણે ગુજરાતમાં ૩૫૦૦૦ બાળકો એવાં છે કે જેમના લગ્ન ૧૦ થી ૧૪ વર્ષની ઉંમરમાં થઈ ચૂક્યાં છે. આ કિસ્સામાં સમાજની શરમ કહેવી કે રિવાજની કઠીનાઈ તે સમજી શકાતું નથી. બાળકોના વિવાહમાં સૌથી વધુ આદિવાસી વિસ્તારમાં જોવા મળ્યા છે. આદિવાસી સમાજમાં બાળકોના વિવાહ જલદી કરે છે. આ સંખ્યા ૨૫૫૦૮ જેટલી છે અને તેમાં ૯૮૭૯ સગીર અને ૧૫૬૩૦ સગીરાના મેરેજ થયેલા છે. દુખની વાત એ છે કે આ આંકડામાં ૧૦૦૯ વિધવા છે, ૫૨૬ અલગ થઈ ગયા છે અને ૨૮૫ છૂટાછેડાના કિસ્સા છે. બીજાક્રમે શિડ્યુઅલ કાસ્ટ આવે છે જેમાં ૯૯૩૩ વિવાહ થયેલા છે...

**સીએસઆર સ્પેન્ડીંગમાં ગુજરાત આગળ ...**

ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપ્યા પછી ઉદ્યોગજૂથો સ્થાનિક ડેવલપમેન્ટ માટે વિચારતા નથી તેવા મહેણાં હવે મારી શકાય તેમ નથી કારણ કે ગુજરાતના ઉદ્યોગો તેમના પ્લાન્ટની આસપાસના વિસ્તારમાં સેવાભાવી કાર્યો કરી રહ્યાં છે. કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટીઝ સીએસઆરના આંકડા પ્રમાણે પ્રતિવર્ષ ૧૫૦૦૦થી વધુ ઉદ્યોગજૂથો ૯૦૦ કરોડનું કોન્ટ્રીબ્યુશન કરે છે. ગુજરાત સીએસઆર ઓથોરિટીના ચેરમેન મહેશ્વર શાહુના જણાવ્યા પ્રમાણે રાજય સરકારે ૧૩૦૦૦ કંપનીઓનો ડેટાબેઝ બનાવ્યો છે કે જેઓ સીએસઆરનું પાલન કરે છે. ભારત સરકારના કંપની લો ના કાયદા પ્રમાણે પ્રત્યેક ઉદ્યોગજૂથે તેના નેટ એન્યુઅલ પ્રોફિટના બે ટકા સીએસઆરમાં ફરજીયાત આપવાના રહે છે. આ ફંડ માટે સરકારે ૧૧ જેટલા સબ્ઝેક્ટ્સ ફાઈલન કર્યા છે. વાત પણ સાચી છે કે સરકાર ઉદ્યોગજૂથને જમીન સહિત ટેક્સના તમામ પ્રલોભનો આપે છે ત્યારે ઉદ્યોગજૂથની પણ કેટલીક સામાજીક ફરજો બને છે...

**ડોલર સામે આપણે ઝૂકી રહ્યા છીએ ...**

મોદી શાસનમાં દેશની આર્થિક પરિસ્થિતિ સુધરી હોવાના દાવા કરવામાં આવે છે તો પછી રૂપિયા સામે ડોલરની કિંમત કેમ ઘટતી નથી. લોકસભાની ચૂંટણીમાં એવા આક્ષેપ થયા હતા કે આઝાદી પછી રૂપિયાની કિંમત ડોલર કરતાં વધારે હતી, અને યુપીએ શાસનમાં રૂપિયો ડોલર સામે ઘસાઈને ૬૩ થી ૬૫ થઈ ગયો છે. આજે શું સ્થિતિ છે. લગભગ સવા વર્ષના શાસન દરમ્યાન રૂપિયા સામે ડોલરનો ભાવ યથાવત રહ્યો છે. ડોલર સામે રૂપિયો નબળો પડતો રહ્યો છે. દેશની ઈકોનોમી ભલે સુધરી હોવાના દાવા થતા રહે, ડોલર નીચો પડતો નથી. હવે કોંગ્રેસને આક્ષેપો કરવાની તક મળી છે ત્યારે નેતાઓ એક બીજાને પછાડવામાંથી ઉંચા આવતા નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક નેતાઓ અસરકારક વિરોધપક્ષની ભૂમિકા પણ ભૂલી રહ્યા છે. ભારતની વિદેશ નિતી બાબતે એટલું તો કરી શકાય કે ડોલર સામે આપણે ઝૂકી રહ્યા છીએ...

**અમેરિકા હવે ભારત તરફ ખેંચાઇ રહ્યું છે ...**

અમેરિકન પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યા પછી તેઓ એક વખત અમેરિકા જઈ આવ્યા છે. આ એક ડિપ્લોમેટિક સબંધો છે. ૨૦૦૨ના કોમ્યુનલ રાયટ્સ પછી અમેરિકાએ ૨૦૦૫માં મોદીના ડિપ્લોમેટીક સહિતના ત્રણ પ્રકારના વિસા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. મોદીને વિઝા માટે યુપીએ સરકાર અને ભાજપના નેતાઓએ ખૂબ સંઘર્ષ કર્યો હતો. મોદીએ ૨૦૦૫માં મણિનગરની સ્વાભિમાન રેલી પછી ક્યારેય અમેરિકા વિશે અપપ્રચાર કર્યો નથી, એ તેમના રાજકીય જીવનનો પ્લસ પોઈન્ટ છે. ૨૦૦૫ પછી મોદીને વિસા આપવા અંગેના નિર્ણયમાં દર વર્ષે અમેરિકાના પ્રતિક્રિયા જોવા મળી છે. છેલ્લે ૨૦૧૩માં પણ અમેરિકાએ મોદીના વિસા અંગે ફેરવિચારણા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. આજે સ્થિતિ એવી છે કે અમેરિકાની કંપનીઓ અને તેમના ડિપ્લોમેટ્સ ભારત સાથે સબંધો મજબૂત કરવાની દિશામાં મગ્ન છે...

**ગુડ ગવર્નન્સમાં પણ ગુજરાત મોડેલ ...**

ગુજરાતની જેમ દિલ્હીમાં પણ ગુડ ગવર્નન્સનો પ્રારંભ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ કરી દીધો છે. ગુજરાતમાં સરકાર ઓનલાઈન બની છે તેમ કેન્દ્રની સરકારને પણ ઓનલાઈન કરવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. મોદીએ પહેલા સ્ટેપમાં જ તેમના પ્રધાનોને કહ્યું હતું કે આપણે અહીં ૧૮ કલાક કામ કરવાનું છે. પ્રધાનો અને તેમના ડિપાર્ટમેન્ટના હિસાબકિતાબ ફેસબુક અને ટ્વિટરના માધ્યમથી લોકો સમક્ષ પ્રદર્શિત કરવાના છે. આજે સોશ્યલ સાઈટ ઉપર દેશનું ૮૫ ટકા યુવા ધન જોવા મળે છે. ભારત જયારે સંપૂર્ણપણે ફ્રેરજી નેટવર્ક સાથે જોડાશે ત્યારે કદાચ હાલની ટીવી ચેનલોને જોવાની ફુરસદ પણ લોકો પાસે હશે નહીં. આંગળીના ટેરવે વિશ્વની સાથે વધુને વધુ લોકો વાત કરતા થઈ જશે. અત્યારે વોટ્સએપ, ફેસબુક અને ટ્વિટરનો જમાનો છે તેવા સમયમાં સરકાર ઓનલાઈન બને તે પ્રગતિ જ છે. અમદાવાદની વીજ કંપની ટોરન્ટે તેમના ગ્રાહકો માટે એક સ્કીમ લોંચ કરી છે જેમાં કહ્યું છે કે ઓનલાઈન વીજબીલ ભરે તેના બીલમાં ૫૦ રૂપિયાનું કન્સેસન મળશે, હાલ જુઓ અમદાવાદની જનતા બીલ ભરવામાં ઓનલાઈન થઈ રહી છે...

**પહેલાં નબળી સરકાર, હવે નબળો વિપક્ષ...**

દિલ્હીમાં પહેલા યુપીએની નબળી સરકાર હતી, જેનામાં નિર્ણયશક્તિનો અભાવ હતો. મનમોહન સિંહ સુપર પાવર છતાં પોતાની રીતે નિર્ણય લઈ શકતા ન હતા. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જાહેરમાં ઓર્ડિનન્સ ફાડી નાંખે તેમ છતાં પ્રાઈમ મિનિસ્ટર મૌન રહે તે વિપક્ષ ભાજપને પણ ગમ્યું ન હતું. સરકાર ક્યાં પારકી હતી, પોતાના જ લોકો હતા છતાં અંદરોઅંદર મતભેદો એટલા અપરંપાર હતા કે એક બીજા પ્રત્યે અબોલા થઈ ગયા હતા. મોદીએ સાચુ જ કહ્યું હતું કે યુપીએ સિંકિંગ શીપ છે. આટલો બધો ભ્રષ્ટાચાર, અનિર્ણાયકતા અને આર્થિક અરાજકતાનો માહોલ છતાં કોંગ્રેસના નેતાઓ હાથ ઉપર હાથ રાખીને બેસી રહ્યા હતા. આજે લોકસભામાં મુખ્ય વિરોધપક્ષ થઈ શકે તેવી કોંગ્રેસમાં હિંમત રહી નથી. હવે આપણને મજબૂત સરકાર તો મળી છે પણ તેણે નબળો વિરોધપક્ષ આપ્યો છે. મોદી સરકારના નિર્ણયોને ચેલેન્જ કરી શકે તેવી ટીમ વિરોધપક્ષ પાસે બચી નથી. હા, હજી રાજયસભામાં વિપક્ષોની બહુમતિ હોવાથી મોદી સરકારને બિલો પાસ કરાવવા નાકે દમ આવી રહ્યો છે...

**કુદરતી નિયમ હોદ્દો ઉંચો, સ્વભાવમાં નરમાશ ...**

રાજકીય નેતાઓમાં પદ બદલાય એટલે સ્વભાવમાં પરિવર્તનનો પવન ફૂંકાય છે. પોલીસ ખાતાની નોકરીમાં કોન્સ્ટેબલનો પાવર જૂદો હોય છે અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસનો પાવર અલગ પ્રકારનો જોવા મળે છે, તેમ રાજકારણમાં પદ ઉપર બેઠેલા રાજયકક્ષાના પ્રધાનનો પાવર જુદો હોય છે અને ચીફ મિનિસ્ટરનો સ્વભાવ જુદો જોવા મળે છે. નાના પદમાં કામ ઓછું રૂઆબ વધારે હોય છે, પણ ઉંચા પદમાં કામ વધુ પણ સ્વભાવમાં નરમાશ વધુ જોવા મળે છે. આ એક કુદરતી નિયમ છે. ગુજરાતના ચીફ મિનિસ્ટર પદે ૧૩ વર્ષ સુધી એકચક્રી શાસન કરનાર નરેન્દ્ર મોદીના સ્વભાવમાં ભારે પરિવર્તન આવી ચૂક્યું છે. તેમનું પદ ઉંચું થતાં તેઓ સોફ્ટ થઈ ગયા છે. પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછીના ત્રણ મહત્વના પ્રસંગોમાં તેઓની આંખમાં આંસુ છલકાયા હતા. આજે તેઓ તેમના વિરોધીઓને પણ પ્રેમથી મળે છે. બીજી તરફ આચાર્ય હોવાના કારણે ખૂબ કડક સ્વભાવ ધરાવતા ગુજરાતના નવા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના સ્વભાવમાં ઘણો ફરક જોવા મળે છે. સરકારમાં બધાં સાથે હળીમળીને તેઓ પ્રત્યુત્તર આપે છે. આ પરિવર્તનથી ભાજપના ધારાસભ્યોને પણ આશ્ચર્ય થયું છે...